# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૯/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં બિન–અનામત વર્ગ માટે સરકારની વિવિધ સહાયની માહિતી માટે મહત્વનો કાર્યક્રમ યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, ૪થી માર્ચ ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે બિન–અનામત વર્ગ માટે સરકારની વિવિધ સહાયની માહિતી માટે મહત્વના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાત બિન–અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ડિરેકટર શ્રી રૂપીન પચ્ચીગર દ્વારા ગુજરાત સરકાર તરફથી આપવામાં આવતી શૈક્ષણિક સહાય, લોન, સ્વરોજગાર માટે લોન તેમજ અન્ય વિવિધ લાભો અંગે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સરકારશ્રી દ્વારા શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગો તથા અનુસૂચિત જાતિ અને જનજાતિના સર્વાંગી વિકાસ માટે પ્રયાસ કરવામાં આવે છે ત્યારે આર્થિક રીતે નબળા બિન–અનામત વર્ગના લોકોના બાળકો પણ હાયર એજયુકેશન મેળવી શકે તેમજ સ્વરોજગારનું સાહસ કરી શકે તેના માટે સરકાર દ્વારા યોજના અમલમાં મુકવામાં આવી છે.

શ્રી રૂપીન પચ્ચીગરે બિન અનામત વર્ગ માટે સરકારની શિક્ષણ અને આર્થિક યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે રાજય સરકારે નવ સ્કીમ દ્વારા એજયુકેશન અને સ્વરોજગારને પ્રાધાન્ય આપવાનો પ્રયાસ કર્યો છે. વિદેશ અભ્યાસ માટે રૂપિયા ૧૫ લાખની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે. ધોરણ ૧૨ પછી એમબીબીએસ, સ્નાતક પછી અનુસ્નાતક માટે વિદેશ ભણતર કરી શકાય છે. એના માટે ધોરણ ૧૨માં ઓછામાં

ઓછા ૬૦ ટકા માર્ક્સ હોવા જોઇએ. આ યોજનાનો લાભ લેવા માટે કુટુંબની આવક રૂપિયા ૬ લાખ કે તેના કરતા ઓછી હોવી જોઇએ. અભ્યાસ પૂર્ણ થયા બાદના એક વર્ષ બાદ રિપેમેન્ટ કરવાનુ ચાલુ થાય છે.

સ્વરોજગાર યોજના હેઠળ લોકોને આત્મનિર્ભર થવા અને કુટુંબનું ભરણપોષણ કરવા માટે લોન આપવામાં આવે છે. જેમાં રૂપિયા ૫૦ હજારથી લઇને દસ લાખ સુધીની લોન આપવામાં આવે છે. રિક્ષા, લોડીગ રિક્ષા, મેડીકલ સ્ટોર, બુક સ્ટોર, રેડીમેડ ગારમેન્ટ સ્ટોર, દરજી કામ, ફલાવર શોપ, ઝેરોક્સ મશીનની દુકાન, સ્ટેશનરી, મસાલા મીણબત્તીનું કારખાનુ, બ્યુટીપાર્લર, જ્યુસ પાર્લર, આયુર્વેદીક સ્ટોર, ફોટો સ્ટુડીયો, સેન્ટીગ કામ, સિરામીક – બિલ્ડીગ મટીરિયલ, હાર્ડવેર, મીનરલ વોટર આરઓ પ્લાન્ટ, કોચીગ કલાસ, પુજાની દુકાન, ફિઝીયોથેરાપી, હોમ ફીનીશીંગ સ્ટોર અને સોના – ચાંદીની દુકાન માટે લોન આપવામાં આવે છે. આ યોજનામાં પુરુષો માટે ૫ ટકા અને બહેનો માટે ૪ ટકા વ્યાજની જોગવાઇ છે. આ યોજનામાં બહેનોને આત્મનિર્ભર થવા માટે પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સ્નાતક, તબીબ કે વકીલ દ્વારા પોતાની ડિસ્પેન્સરી કે ઓફિસ માટે બેંકમાંથી લીધેલી લોન ઉપર પાંચ ટકા વ્યાજ સબસિડી આપવામાં આવે છે. એના માટે અરજીકર્તાનું વ્યવસાય માટેનુ રજિસ્ટ્રેશન હોવુ જોઇએ. અરજદાર ગુજરાતના રહેવાસી અને બિન અનામત હોવા જોઇએ.

ભવિષ્યમાં વિમાનનો વહેવાર વધવાનો છે, આથી કોમર્શિયલ પાયલોટની જરૂર પડશે. એના માટે પણ સરકારે લોન યોજના મુકી છે. વડોદરાની વિદ્યાર્થીનીને રૂપિયા ૨૫ લાખની લોન આપવામાં આવી છે. ધોરણ ૧૨ પછી કુલ ટયુશન ફી અથવા ૨૫ લાખ જે ઓછુ હોય તે રીતે નિગમ દ્વારા આપવામાં આવે છે. એના માટે ધોરણ બારમાં ૬૦ ટકા હોવા જોઇએ.

મેડીકલ, પેરા મેડીકલના વિદ્યાર્થીઓ તાલુકાની બહાર રહીને અભ્યાસ કરતા હોય તો તેઓને દસ મહિના માટે રૂપિયા ૧૨૦૦ લેખે રૂપિયા બાર હજારની સહાય આપવામાં આવે છે. એના માટે કુટુંબની આવક રૂપિયા ૪ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ. ધોરણ ૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ માર્ક્સ સાથે પાસ થયેલા વિદ્યાર્થીને ધોરણ ૧૧ સાયન્સમાં ટયુશન માટે રૂપિયા ૧૫ હજારની સહાય કરવામાં આવે છે. વિદ્યાર્થી જો એકવાર ફેલ થાય તો બીજી વખત સહાય કરવામાં આવતી નથી.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડીકલ કે એન્જીનિયરીગની પ્રવેશ પરીક્ષાની તૈયારી માટે ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થામાં રૂપિયા ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. એના માટે વિદ્યાર્થીને ૭૦ ટકા કે તેથી વધુ માર્ક્સ હોવા જોઇએ. વિદ્યાર્થીઓને યુપીએસસી, જીપીએસી, ગૌણ પસંદગી મંડળ અને પંચાયત પસંદગી મંડળની પરીક્ષાની તૈયારી કરવા માટે તાલિમાર્થી દીઠ રૂપિયા વીસ હજારની રકમ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ લેવા માટે સંબંધિત વ્યકિતએ નિગમની વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. અરજી ડાઉનલોડ કરીને બધા ડોકયુમેન્ટ્સ સાથે નાનપુરા બહુમાળી બિલ્ડીગના સી બ્લોકમાં આઠમા માળે બિનઅનામતની કચેરી છે ત્યાં ડોકયુમેન્ટ સબમીટ કરવાના હોય છે. એના માટે વ્યકિતએ બિન અનામત વર્ગનું સર્ટિફિકેટ અને આવકનો દાખલો આપવાનો રહે છે.

ચેમ્બરની ગવર્મેન્ટ લાયઝન કમિટીના ચેરપર્સન શ્રીમતી આશા દવેએ કાર્યક્રમમાં પ્રાસંગિક વિધી કરી હતી.